શ્રી૧।

## "વેચાણ દસ્તાવેજ"

"મોજે ગુંગડીપાટી,સબ–ડીસ્ટ્રીકટ પાટણ શહેર અને રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ પાટણના ગામની સુધરાઈ હદ વિસ્તારની બગવાડા દરવાજાથી ભારતી સોસાયટી તરફ જવાના જાહેર રસ્તાની દક્ષિણે આવેલ રે.સ.નં.૧૦૩૧ પૈકીવાળી એટલે કે સીટીસર્વેના શીટ નંબર–૧૧૩ ના સીટીસર્વે નંબર–૨૨૪૧ વાળી, ૫૯૬.૦૦ ચો.મી.ક્ષેત્રફળવાળી મે.કલેકટર સાહેબ, પાટણના હૂકમ નંબર એલ.એન.ડી/એનએપી/રીવાઈઝ/વશી/૩૭૩/૨૦૨૨ તારીખ ૦૪–૧૧–૨૦૨૨ થી મલ્ટી પર્પઝ (બહુહેતુક) હેતુ માટે રીવાઈઝ એન.એ થયેલ જમીન ઉપર મર્કેન્ટાઈલ હેતુ સારૂં ગ્રાઉન્ડફલોર થી ફીફથફલોર તથા ટેરેસ બાંધવા માટે પાટણ એરીયા ડેવલોપમેન્ટ ઓથોરીટીએ બાંધકામ માટે રજાચીઠ્ઠી નંબર : ૧૦૧૭બીપીર૨૨૩૦૨૧૯ તારીખ ૦૯/૧૦/૨૦૨૨ થી મેળવેલી છે.જે લગત મંજુર કરવામાં આવેલ બાંધકામ પ્લાન મુજબ બાંધવામાં આવનાર / આવેલ **"મણીભદ્ર હાઈટસ"** એ નામથી ઓળખાતી દૂકાનો તથા ઓફીસોની પરીયોજનામાં .................ફલોર ઉપર બાંધવામાં આવેલ દૂકાન નંબર–.................ની આશરે .....................સમચોરસ મીટર કારપેટ એરીયાની બાંધકામવાળી દૂકાન/ઓફીસ તથા તેના આધારે કોમન એરીયાનો અન્ય મિલ્કત ધારણકર્તાઓ સાથે સંયુકતપણામાં સાહજીક ઉપયોગ કરવાના હકક સહીતની સ્થાવર મિલ્કતનો વેચાણલેખ રૂા............................ અંકેરૂપીયા ........................... પુરાનો."

---

દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ — અવેજ (જો હોયતો) :– રૂા.
ગામનું નામ : મોજે ગુંગડીપાટી, તા. જી.પાટણ. — રે. સર્વે નંબર : ૧૦૩૧ પૈકી
સીટીસર્વે શીટ નંબર : ૧૧૩ ના સીટીસર્વે નંબર– ૨૨૪૧ પૈકી
દૂકાન/ઓફીસ નંબર : — ક્ષેત્રફળ : ચો.મી.

---

**<u>એકતરફવાળા</u>**

**વેચાણ લેનાર :–** શ્રી......................................, ઉ.આ.વ.......... ધંધો .............. રે.પાટણ, ઠે................, તાલુકો પાટણ, જિલ્લો પાટણ.

(જેમને હવે પછી આ વેચાણલેખમાં "તમો" અગર "એકતરફવાળા" અગર "વેચાણ લેનાર" અગર "એલોટી" એ શબ્દોથી સંબોધવામાં આવશે અને એ શબ્દોના ખરા અને સાચા અર્થમાં તમો એકતરફવાળા જાતે અગર તમારા વંશજનો,વાલી, વારસો, એકઝીકયુટર્સ,એસાઈનીઓ ઈત્યાદીનો સમાવેશ થયેલો ગણાશે / ગણવાનો છે.)

**<u>પારસાતે જોગ આ લેખ લખી આપનાર,</u>**

**<u>બીજીતરફવાળા</u>**

**વેચાણ આપનાર :–** પટેલ દિલીપભાઈ અમથાલાલ (તે "પ્રિયા ડેવલોપસ" એ નામની સોલપ્રોપ્રાઈટરી પેઢીના પ્રોપ્રાઈટર તરીકે) ઉ.આ.વ.૫૧ ધંધો ખેતી, વેપાર રે.પાટણ, ઠે.૧૭/એ, સુવિધીનાથનગર સોસાયટી, કાળકા માતા મંદિર રોડ, તાલુકો પાટણ, જિલ્લો પાટણ, ૩૮૪૨૬૫.

ઈન્કમટેક્ષ પરમેનન્ટ એકાઉન્ટ નંબર : AKBPP8085H

આધારકાર્ડ નંબર : ૫૪૬૭ ૪૮૧૩ ૬૪૩૬

(જેમને હવે પછી આ વેચાણલેખમાં "અમો" અગર "બીજીતરફવાળા" અગર "વેચાણ આપનાર" અગર "પ્રમોટર" એ શબ્દોથી સંબોધવામાં આવશે અને એ શબ્દોના ખરા અને સાચા અર્થમાં અમો બીજીતરફવાળા પોતે જાતે અગર અમારા વંશજનો,વાલી,વારસો, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, એસાઈનીઓ ઈત્યાદીનો સમાવેશ થયેલો ગણાશે / ગણવાનો છે.)

જત અમો બીજીતરફવાળા તમો એકતરફવાળાને આ વેચાણલેખ કરી આપી લખી આપીએ છીએ કે :–

//૫//

મોજે ગુંગડીપાટી,સબ–ડીસ્ટ્રીકટ પાટણ શહેર અને રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ પાટણના ગામની સુધરાઈ હદ વિસ્તારની બગવાડા દરવાજાથી ભારતી સોસાયટી તરફ જવાના જાહેર રસ્તાની દક્ષિણે આવેલ રે.સ.નં.૧૦૩૧ પૈકીવાળી એટલે કે સીટીસર્વેના શીટ નંબર–૧૧૩ ના સીટીસર્વે નંબર–૨૨૪૧ પૈકી વગરવહેંચાયેલ ૧/૪ મા ભાગવાળી મિલ્કત શેઠ તુલસીદાસ કીલાચંદ એસ્ટેટની માલિકીની હતી તથા સદરહુ સીટીસર્વે નંબર–૨૨૪૧ પૈકી વગરવહેંચાયેલ ૩/૪ મા ભાગવાળી મિલ્કત શેઠ કીલાચંદ દેવચંદ ફાઉન્ડેશન, મુંબઈની માલિકીની હતી.તે મુજબના માલિકીહકકની નોંધ સીટીસર્વે કચેરી,પાટણના રેકર્ડમાં તાઃ ૧૮–૯–૧૯૮૯ ના રોજ થયેલ છે.

સદરહુ સીટીસર્વે નંબર – ૨૨૪૧ પૈકી વગરવહેંચાયેલ ૧/૪ મા ભાગવાળી મિલ્કત શેઠ તુલસીદાસ કીલાચંદ એસ્ટેટના એકઝીકયુટર્સ પાસેથી "નેશનલ કન્સ્ટ્રકશન કું." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારોએ વેચાણ રાખેલ હતી અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરી, પાટણ ખાતે નોંધણી અનુક્રમ નંબર–૧૧૩૫, તા : ૮–૬–૧૯૮૯ થી નોંધાયેલ છે અને તેવા દસ્તાવેજ આધારે સીટીસર્વે કચેરી, પાટણના રેકર્ડમાં પ્રોપર્ટી રજીસ્ટરકાર્ડમાં સદરહુ મિલ્કતના ૧/૪ મા ભાગના માલિકીહકકમાં "નેશનલ કન્સ્ટ્રકશન કું." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીના નામની નોંધ તાઃ ૧૫–૫–૨૦૧૦ ના રોજ થયેલ છે અને તે નોંધ સીટીસર્વે સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબશ્રી, પાટણ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

સદરહુ સીટીસર્વે નંબર – ૨૨૪૧ પૈકી વગરવહેંચાયેલ ૩/૪ મા ભાગવાળી મિલ્કત શેઠ કીલાચંદ દેવચંદ ફાઉન્ડેશન, મુંબઈ પાસેથી "નેશનલ કન્સ્ટ્રકશન કું." મુ.પાટણ એ નામની

ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારોએ વેચાણ રાખેલ હતી અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરી, પાટણ ખાતે નોંધણી અનુક્રમ નંબર–૧૧૩૬, તા : ૮–૬–૧૯૮૯



થી નોંધાયેલ છે અને તેવા દસ્તાવેજ આધારે સીટીસર્વે કચેરી, પાટણના રેકર્ડમાં પ્રોપર્ટી રજીસ્ટરકાર્ડમાં સદરહુ મિલ્કતના ૩/૪ મા ભાગના માલિકીહકકમાં ''નેશનલ કન્સ્ટ્રકશન કાં.'' મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીના નામની નોંધ તાઃ ૧૪–૬–૧૯૮૯ ના રોજ થયેલ છે અને તે નોંધ સીટીસર્વે સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબશ્રી, પાટણ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

સદરહુ ગુંગડીપાટી રેવન્યુ સર્વે નંબર–૧૦૩૧ વાળી એટલે કે સીટીસર્વેના શીટ નંબર–૧૧૩ ના સીટીસર્વે નંબર–૨૨૪૧ વાળી જમીન મે.જિલ્લા કલેકટર સાહેબશ્રી, મહેસાણાના હુકમ નંબર– એલ.એન.ડી./એન.એ.પી./એસ.આર./૧૩૮/૮૬, તાઃ ૪/૫–૭–૧૯૮૬ થી એન.એ.થયેલ છે અને તે એન.એ.થયેલ જમીન ઉપર બહુમજલી ઈમારતનું બાંધકામ કરવામાં આવેલ હતું.

સદરહુ સીટીસર્વે નંબર–૨૨૪૧ વાળી જમીન ઉપર બાંધાયેલ બહુમજલી ઈમારત પૈકી ''નેશનલ કન્સ્ટ્રકશન કાં.'' મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીએ નીચે મુજબની વિગતોએ મિલ્કતો આજ અગાઉ તબદીલ કરી હતી.

પરંતુ સદરહુ રેવન્યુ સર્વે નંબર–૧૦૩૧ વાળી એટલે કે સીટીસર્વેના શીટ નંબર–૧૧૩ ના સીટીસર્વે નંબર–૨૨૪૧ વાળી જમીનમાં કરવામાં આવેલ બાંધકામ મે.જિલ્લા કલેકટર સાહેબશ્રી, પાટણના હુકમ નંબર–નં/જમીન/એન.એ./શરતભંગ કેસ નં./૧૧૬૮ થી ૧૨૧૦/૨૦૦૬, તાઃ ૨૦–૩–૨૦૦૬ વાળા હુકમની વિગતોની અમલવારી કરીને દુર કરવામાં

આવેલ હતુ.તે મુજબ અને ત્યારથી સદરહુ સીટીસર્વે નંબર–૨૨૪૧ વાળી આખીયે જમીન છેલ્લા ૧૫ (પંદર) થી વધુ વર્ષોથી ખુલ્લી જમીનના સ્વરૂપમાં હતી.

//૭//

ઉપર મુજબની હકીકત હોવાથી............

(એ) આજ અગાઉ ભોંયતળિયામાં આવેલ દુકાનો પૈકી દુકાન નંબર–૧૬ (સોળ) જેના ચો.ફૂટ ૧૫૫ એટલે કે ચો.મી.૧૪.૪૦ વાળી મિલ્કત કે જે "નેશનલ કન્સ્ટ્રકશન કાું." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીએ હાજી હુસેનમિયાં હાજી મોહંમદભાઈ શેખને વેચાણ દસ્તાવેજ નોંધણી અનુક્રમ નંબર–૧૯૫૦, તાઃ ૮–૧૦–૧૯૯૦ વાળા દસ્તાવેજ આધારે તબદીલ કરેલ હતી તે મિલ્કત માટેનો વણવહેંચાયેલ હકક "નેશનલ કન્સ્ટ્રકશન કાું." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીએ CANCELLATION (વેચાણ દસ્તાવેજ રદ કર્યાનો લેખ) નોંધણી અનુક્રમ નંબર–૧૫૨૩, તાઃ ૨૫–૨–૨૦૨૨ વાળા દસ્તાવેજ આધારે પરત વેચાણ લઈ લીધેલ હતો.

(બી) આજ અગાઉ ભોંયતળિયામાં આવેલ દુકાનો પૈકી દુકાન નંબર–૧૧ (અગીયાર), ચો.મી.૧૯.૦૦ વાળી મિલ્કત કે જે "નેશનલ કન્સ્ટ્રકશન કાું." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીએ ઈશ્વરલાલ કેવળદાસ ઠકકરને વેચાણ દસ્તાવેજ નોંધણી અનુક્રમ નંબર–૬૦૫, તાઃ ૨૧–૦૩–૧૯૯૧ વાળા દસ્તાવેજ આધારે તબદીલ કરેલ હતી તે મિલ્કત માટેનો વણવહેંચાયેલ હકક "નેશનલ કન્સ્ટ્રકશન કાું." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીએ CANCELLATION (વેચાણ દસ્તાવેજ રદ કર્યાનો લેખ) નોંધણી અનુક્રમ નંબર–૧૫૭૧, તાઃ ૨૮–૨–૨૦૨૨ વાળા દસ્તાવેજ આધારે પરત વેચાણ લઈ લીધેલ હતો.

(સી) આજ અગાઉ ફર્સ્ટફલોર તથા સેકન્ડફલોરમાં આવેલ તમામ મિલ્કત કે જે "નેશનલ કન્સ્ટ્રકશન કાં." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીએ પટેલ જગાભાઈ બબલદાસ, પટેલ ઈશ્વરભાઈ જેઠીદાસ, પટેલ કુબેરભાઈ જોઈતારામ, પટેલ નરોત્તમભાઈ ભગવાનદાસ તે મુજબની કુલ ૪ (ચાર) વ્યકિતઓને વેચાણ આપવાનું નકકી કરીને



કબજા વગરના બાનાખત અંગેનો કરારલેખ નોંધણી અનુક્રમ નંબર–૧૨૧૮, તા:૬–૬–૧૯૯૧ વાળો બાનાખતનો લેખ લખી આપેલ હતો તે બાનાખતનો લેખ "નેશનલ કન્સ્ટ્રકશન કાં." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીએ કબજા બવગરના બાનાખતનો લેખ રદ કર્યાનો લેખ નોંધણી અનુક્રમ નંબર –૬૧૦, તા:૨૮–૧–૨૦૨૨ વાળા લેખ આધારે રદ કરાવી લીધેલ હતો.

(ડી) આજ અગાઉ ભોંયરામાં આવેલ દુકાનો પૈકી દુકાન નંબર–૫ (પાંચ), ચો.મી.૧૯.૯૮ વાળી મિલ્કત કે જે "નેશનલ કન્સ્ટ્રકશન કાં." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીએ ચૌધરી શાન્તાબેન જોઈતારામ, ચૌધરી રમેશભાઈ જોઈતારામ, ચૌધરી ગોવિંદભાઈ મઘાભાઈ, ચૌધરી રમેશભાઈ ગોવિંદભાઈને વેચાણ દસ્તાવેજ નોંધણી અનુક્રમ નંબર–૨૭, તા: ૯–૧–૧૯૯૧ વાળા દસ્તાવેજ આધારે તબદીલ કરેલ હતી.

ત્યારબાદ ભોંયરાના હકકવાળી દુકાન નંબર–૫ (પાંચ) પૈકીનો વણવહેંચાયેલ અડધો ભાગ ચૌધરી ગોવિંદભાઈ મઘાભાઈ, ચૌધરી રમેશભાઈ ગોવિંદભાઈ પાસેથી ચૌધરી શાન્તાબેન જોઈતારામે તથા ચૌધરી રમેશભાઈ જોઈતારામે વેચાણ દસ્તાવેજ નોંધણી અનુક્રમ નંબર–૧૧૩૯, તારીખ ૨૯–૬–૧૯૯૩ વાળા વેચાણ દસ્તાવેજ આધારે વેચાણ રાખેલ હતો.

ત્યારબાદ ભોંયરાના હકકવાળી દુકાન નંબર–૫ (પાંચ) વાળી મિલ્કત ચૌધરી શાન્તાબેન જોઈતારામ તથા ચૌધરી રમેશભાઈ જોઈતારામ પાસેથી મંગેશકુમાર જોઈતારામ પ્રજાપતિએ વેચાણ દસ્તાવેજ નોંધણી અનુક્રમ નંબર–૧૨૨૬, તાઃ૨૫–૫–૧૯૯૮ વાળા દસ્તાવેજ આધારે વેચાણ રાખેલી હતી.

//૯//

ત્યારબાદ ભોંયરાના હકકવાળી દુકાન નંબર–૫ (પાંચ) વાળી મિલ્કત મંગેશકુમાર જોઈતારામ પ્રજાપતિ પાસેથી "નેશનલ કન્સ્ટ્રકશન કાં." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢીએ વેચાણ દસ્તાવેજ નોંધણી અનુક્રમ નંબર–૬૦૯, તાઃ ૨૮–૧–૨૦૨૨ વાળા દસ્તાવેજ આધારે વેચાણ રાખેલ હતી.

તે રીતે અને ત્યારથી "નેશનલ કન્સ્ટ્રકશન કાં." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢી સદરહુ રે.સ.નં.૧૦૩૧ પૈકીવાળી એટલે કે સીટીસર્વેના શીટ નંબર–૧૧૩ ના સીટીસર્વે નંબર–૨૨૪૧ વાળી, ૬૩૯.૦૦ ચો.મી.ક્ષેત્રફળવાળી (તા.૪/,–૭–૧૯૮૬ વાળા બિનખેતી હુકમ મુજબ કુલ ૫૯૬.૦૦ ચો.મી.ક્ષેત્રફળવાળી) ખુલ્લી જમીનના સ્વતંત્ર માલીક કબજેદાર થયેલા હતા.

ત્યારબાદ સદરહુ રે.સ.નં.૧૦૩૧ પૈકીવાળી એટલે કે સીટીસર્વેના શીટ નંબર–૧૧૩ ના સીટીસર્વે નંબર–૨૨૪૧ વાળી, ૬૩૯.૦૦ ચો.મી.ક્ષેત્રફળવાળી (તા.૪/,–૭–૧૯૮૬ વાળા બિનખેતી હુકમ મુજબ કુલ ૫૯૬.૦૦ ચો.મી.ક્ષેત્રફળવાળી) ખુલ્લી જમીન તેના માલીકો "નેશનલ કન્સ્ટ્રકશન કાં." મુ.પાટણ એ નામની ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારો (૧) પટેલ પ્રદીપકુમાર બબલદાસ (૨) પટેલ જયંતિભાઈ દેવચંદભાઈ (૩) પટેલ કાન્તિભાઈ રામજીભાઈ (૪) બારોટ ધનશ્યામભાઈ મણીલાલ (૫) પ્રજાપતિ મંગેશભાઈ જોઈતારામ (૬) શેખ મોહંમદઈલીયાસ હુસેનમિયાં (૭) મેવાડા નિતીનકુમાર બાબુલાલ પાસેથી અમો બીજીતરફવાળા પટેલ દિલીપભાઈ અમથાભાઈ રે.પાટણવાળાએ વેચાણ રાખેલી છે અને તે અંગેનો વેચાણ

દસ્તાવેજ સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરી, પાટણ ખાતે નોંધણી અનુક્રમ નંબર – ૧૭૭૯, તારીખ ૦૭–૦૩–૨૦૨૨ થી નોંધાયેલ છે અને તેવા દસ્તાવેજ આધારે સીટીસર્વે કચેરી, પાટણના રેકર્ડમાં પ્રોપર્ટી રજીસ્ટરકાર્ડમાં સદરહુ મિલ્કતના માલિકીહકકમાં અમો બીજીતરફવાળાના નામની નોંધ તા : ૧૫/૦૩/૨૦૨૨ ના રોજ થયેલ છે અને સદરહુ નોંધ સક્ષમ અધિકારી દ્વારા તારીખ ૧૧/૦૫/૨૦૨૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલી છે.

//૧૦//

ત્યારબાદ સદરહુ રે.સ.નં.૧૦૩૧ પૈકીવાળી એટલે કે સીટીસર્વેના શીટ નંબર–૧૧૩ ના સીટીસર્વે નંબર–૨૨૪૧ વાળી, કુલ ૫૯૬.૦૦ ચો.મી.ક્ષેત્રફળવાળી બીનખેતી થયેલ જમીન મે. કલેકટર સાહેબશ્રી, પાટણના હુકમ નંબર – એલ.એન.ડી./એન.એ.પી./રીવાઈઝ/વશી/૩૭૩/ ૨૦૨૨, તાઃ૪–૧૧–૨૦૨૨ વાળા હુકમ આધારે બહુહેતુક માટે રીવાઈઝ એન.એ.થયેલ છે.

જે અમો બીજીતરફવાળાની સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની ટાઈટલ કલીયર સ્થિતીની સદરહુ રે.સ.નં.૧૦૩૧ પૈકીવાળી એટલે કે સીટીસર્વેના શીટ નંબર–૧૧૩ ના સીટીસર્વે નંબર–૨૨૪૧ વાળી, કુલ ૫૯૬.૦૦ ચો.મી.ક્ષેત્રફળવાળી મલ્ટી પર્પઝ (બહુહેતુક) હેતુ માટે રીવાઈઝ એન.એ.થયેલ જમીન **"મણીભદ્ર હાઈટસ"** નામથી ડેવલપ કરી મજકુર જમીન ઉપર કોમર્શીયલ હેતુ સારૂં ગ્રાઉન્ડફલોર, ફર્સ્ટફલોર, સેકન્ડફલોર, થર્ડફલોર, ફોર્થફલોર, ફીફથફલોર તથા ટેરેસ બાંધવા માટે પાટણ એરીયા ડેવલોપમેન્ટ ઓથોરીટીએ બાંધકામ માટે રજાચીઠ્ઠી નંબર : ૧૦૧૭બીપી૨૨૩૦૨૧૯ તારીખ ૦૯/૧૦/૨૦૨૨ થી મેળવેલી છે.જે લગત મંજુર થયેલ બાંધકામ પ્લાન મુજબ બેઝમેન્ટમાં પાર્કીંગ તથા ગ્રાઉન્ડફલોર, ફર્સ્ટફલોર, સેકન્ડફલોર, થર્ડફલોર, ફોર્થફલોર, ફીફથફલોર તથા ટેરેસ સુધી કુલ ૨૬ યુનિટ (દૂકાનો તથા ઓફીસો) નું બાંધકામ અમો પ્રમોટરે સદર જમીન ઉપર મંજુર કરાવેલ પ્લાનને આધારે ઉપર જણાવ્યા પ્રમાણેના યુનીટોનું બાંધકામ કરેલ છે.અને હાલમાં સ્થળ ઉપર સદર મિલ્કતનો પ્રત્યક્ષ

કબજો ભોગવટો અમો બીજીતરફવાળા પ્રમોટરનો છે અને સીટીસર્વે રેકર્ડમાં પણ સદર મિલ્કત માલીક પ્રત્યક્ષ કબજેદાર તરીકે અમો બીજીતરફવાળાના સ્વતંત્ર નામે / ખાતે ચાલે છે.

અમો વેચાણ આપનાર પ્રમોટરે ધી રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ –૨૦૧૬ ની કલમ–૬(૧) ની જોગવાઈઓ હેઠળ સદર પરિયોજનાની નોંધણી રીયલ એસ્ટેટ સંબંધી નિયમનકારી સત્તા મંડળ, ગાંધીનગર પાસે નોંધણી નંબર : ..................... તારીખ ............................ ના રોજ કરાવી છે તે નોંધણી પ્રમાણપત્રની નકલ સામેલ છે.

**//૧૧//**

અમો વેચાણ આપનાર પ્રમોટર દ્વારા સદર **"મણીભદ્ર હાઈટસ"** એ નામથી ઓળખાતી પરીયોજનામાં બાંધવામાં આવેલ દૂકાનો તથા ઓફીસો વાળી મિલ્કત પૈકી ............ફ્લોર ઉપર બાંધવામાં આવેલ દૂકાન/ઓફીસ નંબર..............ની આશરે....................સમ.ચો.મીટર કાર્પેટ એરીયા અને...............સમ ચો.મીટર સુપર બીલ્ટપ એરીયાની બાંધકામ વાળી દૂકાન તથા કોમન એરીયાનો અન્ય મિલ્કત ધારણકર્તાઓ સાથે વણવહેંચાયેલ ચો.મી........ પુરતો સંયુકતપણામાં સાહજીક ઉપયોગ કરવાના હકક સહીતની મિલ્કત (જેને હવે પછી મજકુર વેચાણ દસ્તાવેજમાં "વેચાણ આપેલ યુનીટ" યાને અગર "દૂકાન/ઓફીસ" એ નામથી ઓળખવામાં આવશે તે ) તમો એકતરફવાળા એલોટીને ઓફર કરવામાં આવેલી જેની રૂઈએ તમો લખાવી લેનારે અમારી ઓફર સ્વીકારી સદર .................ફ્લોર ઉપર આવેલ દૂકાનનું બુકીંગ કરાવેલુ.સદરહુ મિલ્કત અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને એલોટ કરવાનુ નકકી કરીને એલોટમેન્ટ લેટર ઈસ્યુ કરેલ હતો.

તમો લખાવી લેનારાએ સદરહુ **"મણીભદ્ર હાઈટસ"** એ નામની યોજનાની સ્થળની પ્રત્યક્ષ મુલાકાત લઈ અમો લખી આપનારે આપેલ યોજના અંગેની તમામ માહીતી ,પાટણ નગરપાલીકાના અધિકારી ધ્વારા મંજુર કરવામાં આવેલ બાંધકામ પ્લાન,રજાચીટ્ટી,મે.જિલ્લા કલેકટર કચેરી પાટણમાંથી મેળવેલ રીવાઈઝ બીનખેતી પરવાનગીનો હૂકમ,સદર જમીનના રાઈટસ,ટાઈટલ,અન્ય લખાણો,વેચાણ દસ્તાવેજો તથા આનુસંગિક કાગળો વિગેરે તમો લખાવી લેનારાએ પોતે જાતે તથા તમારા પોતાના જાણકાર અનુભવી તથા નિષ્ણાત વ્યકિત અગર સંસ્થા

મારફતે તપાસી,તપાસડાવી સદર દૂકાન/ઓફીસ તથા અન્ય તમામ સહીયારી સુવિધાઓ વિગેરેનું કરવામાં આવેલ બાંધકામ તથા બાંધકામના માલસામાન,બાંધકામની ગુણવતા,કાર્યકુશળતા તેમજ બાંધવામાં આવેલ દૂકાન/ઓફીસના માપ,સાઈઝ,ક્ષેત્રફળ તેમજ સદર યોજનામાં પુરી પાડવામાં આવેલ તમામ સહીયારી સુખ સુવિધાઓ જેવી કે કોમન પેસેજ,કોમન પાર્કીગ, સીડી, મેઈનગેટ, સીકયોરીટી કેબીન,સી.સી.ટી.વી.કેમેરા,અન્ડરગ્રાઉન્ડ તથા ઓવર હેડ પાણીની ટાંકીઓ,કોમન સ્ટ્રીટ લાઈટ,ટોઈલેટ બ્લોક રોડ સહીતની જે ખુલ્લી તથા બાંધકામવાળી કોમન સુવિધાઓ આવેલી



છે તે ખુલ્લી તથા બાંધકામવાળી તમામ સુવિધાઓ વિગેરે તમામ બાબતોની સઘન તપાસણી તમો લખાવી લેનારાએ પોતે જાતે તપાસ કરી કરાવી જોઈ તપાસી સમજી લીધેલ હોઈ અને તે રીતેની તમામ બાબતો અંગે તમો લેનારાને સંપૂર્ણ સંતોષ થયેલો હોઈ તેમજ હવે પછી ભવિષ્યમાં તે અંગે કયારે પણ તમો લખાવી લેનારે વાંધો તકરાર ફરીયાદ કે કોઈ કોર્ટ કાર્યવાહી કરવા કરાવવાની નથી તેમ તમો લખી લેનારે સ્વીકારેલ હોઈ અમો લખી આપનારે તમો લખાવી લેનારને અગાઉ કરી આપેલ બુકીંગ અંગેની શરતો તથા સદર વેચાણ વેચાણ દસ્તાવેજમાં જણાવેલ શરતોને આધીન મજકુર મોજે ગુંગડીપાટી,સબ–ડીસ્ટ્રીકટ પાટણ શહેર અને રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ પાટણના ગામની સુધરાઈ હદ વિસ્તારની બગવાડા દરવાજાથી ભારતી સોસાયટી તરફ જવાના જાહેર રસ્તાની દક્ષિણે આવેલ રે.સ.નં.૧૦૩૧ પૈકીવાળી એટલે કે સીટીસર્વેના શીટ નંબર–૧૧૩ ના સીટીસર્વે નંબર–૨૨૪૧ વાળી, ૫૯૬.૦૦ ચો.મી.ક્ષેત્રફળવાળી મે.કલેકટર સાહેબ, પાટણના હૂકમ નંબર એલ.એન.ડી/એનએપી/રીવાઈઝ/વશી/૩૭૩/૨૦૨૨ તારીખ ૦૪–૧૧–૨૦૨૨ થી મલ્ટી પર્પઝ (બહુહેતુક) હેતુ માટે રીવાઈઝ એન.એ થયેલ જમીન ઉપર મર્કેન્ટાઈલ હેતુ સારૂં ગ્રાઉન્ડફલોર થી ફીફથફલોર તથા ટેરેસ બાંધવા માટે પાટણ એરીયા ડેવલોપમેન્ટ ઓથોરીટીએ બાંધકામ માટે રજાચીટ્ટી નંબર : ૧૦૧૭બીપીર૨૨૩૦૨૧૯ તારીખ ૦૯/૧૦/૨૦૨૨ થી મેળવેલી છે.જે લગત મંજુર કરવામાં આવેલ બાંધકામ પ્લાન મુજબ બાંધવામાં આવનાર / આવેલ **"મણીભદ્ર**

**હાઈટસ"** એ નામથી ઓળખાતી દૂકાનો તથા ઓફીસોની પરીયોજનામાં ................ફલોર ઉપર બાંધવામાં આવેલ દૂકાન નંબર–................ની આશરે ....................સમચોરસ મીટર કારપેટ એરીયાની બાંધકામવાળી દૂકાન જેનું સંપૂર્ણ વર્ણન નીચે પરીશિષ્ટમાં આપવામાં આવેલ છે તે તથા મજકુર જમીનમાં વાહનો સહીત જવા આવવા માટેના ચાલ નિકાલના અમો લખી આપનારના હર હમેશના હદ માલીકી હકકો સહીત બાંધકામ વાળી મિલ્કત તેને આનુસંગિક નીચે મુજબના હકકો તથા હિતો સહિતની દૂકાન ઉચ્ચક અધાટ વેચાણ કિંમત



રૂા................ અંકે રૂપીયા ............... પુરામાં કુલ અભરામ નદાવે વેચાણ આપવાનું નકકી કરી મજકુર મિલ્કતનો એક કબજા વગરનો બાનાખતનો કરારલેખ વેચાણ આપનારે વેચાણ લેનારની તરફેણમાં જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર સહીઓ કરી આપી રીતસરનું રજીસ્ટર્ડ કબજા સિવાયનું બાનાખત કરી આપેલ છે.મજકુર બાનાખત પાટણના મે.સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં............. થી તે જ તારીખે નોંધાવામાં આવેલ છે. મજકુર બાનાખતનો અમલ હાલ જીવંત, જારી અને અમલીય છે.જેના અનુસંધાને આ વેચાણ દસ્તાવેજ વેચાણલેનારની તરફેણમાં આજરોજ કરી આપેલ છે. મજકુર મિલ્કત વેચાણ આપનારે ઉપરોકત જણાવેલ અવેજના બદલામાં આજરોજ નીચે જણાવેલ શરતોને આધીન વેચાણ લેનારને વેચાણ આપેલ છે.જ તમામ શરતોનું બંને પક્ષકારોએ પાલન કરવાનું કબુલ મંજુર રાખે છે. એ રીતે મજકુર ..............ફલોરના બાંધકામવાળી દૂકાન નંબર.................. અમો લખી આપનારે તમો લખાવી લેનારને કુલ અભરામ નદાવે અધાટ વેચાણ આપેલ છે.તેમજ મજકુર દૂકાન/ઓફીસ વાળી મિલ્કતનો ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો લખી આપનારે તમો લખાવી લેનારને આજરોજ સ્થળ ઉપર સોંપેલ છે.જેથી તમો લખાવી લેનારે તમારા જાણકાર અનુભવી તથા નિષ્ણાત એન્જીનિયર મારફતે સદર દૂકાનના બાંધકામનું ક્ષેત્રફળ,માપ,સાઈઝ વિગેરેની સંપૂર્ણ ચકાસણી કરી કરાવી સદર દૂકાન/ઓફીસ વાળી મિલ્કતનો આજરોજ સ્થળ ઉપરખાલી અને પ્રત્યક્ષ કબજો સ્વીકારી

સંભાળી લીધેલો છે.હવેથી મજકુર દૂકાન/ઓફીસ વાળી મિલ્કતના કબજા કે બાંધકામ બાબતે અગર સદર સ્કીમની કોમન સુવિધાઓ બાબતે તમો લખાવી લેનારા કે તમારા વારસદારોએ અમો લખી આપનાર કે અમારા વારસદારો સામે ભવિષ્યમાં કોઈ કોર્ટ કાર્યવાહી કે તકરાર કરવી કરાવવાની રહેશે નહી કે તમો લખાવી લેનારાએ ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ પણ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવી કરાવવાની રહેશે નહી અને તેમ છતાં જો તમો લખાવી લેનારા તેવી કોઈ કાર્યવાહી કરશો કરાવશો તો તે આથી રદ બાતલ ગણાશે અને તેના કારણે અમો લખી આપનારને થતા

//૧૪//

તમામ ખર્ચ નુકશાન અવેજ સહીત ભરપાઈ કરી આપવાની સંપૂર્ણ જવાબદારી તમો લખાવી લેનારા કે તમારા વારસદારોની રહેશે.જેની આથી તમો લખાવી લેનારે સદર વેચાણ દસ્તાવેજમાં સહીમતા કરી તેની કબુલાત કરી અમો લખી આપનારને ખાતરી અને બાંહેધરી આપેલ છે. અમો બીજીતરફવાળાને અવેજ મળ્યાની વિગત નીચે મુજબ છે :–

જતરે રૂા.................... અંકેરૂપીયા .......................પુરા તમો એકતરફવાળાએ અમો બીજીતરફવાળાને આ લેખથી વેચાણ આપેલ ફલેટના પુરેપુરા વેચાણ અવેજ પેટે નીચેની વિગતે આપેલ છે.:–

| | |
|---|---|
| રૂા............................ | અંકેરૂપીયા .................... પુરાનો ................. શાખાનો એકાઉન્ટ પેઈ ચેક નંબર–"..........." તારીખ ............... નો તમો એકતરફવાળાએ અમો બીજીતરફવાળાની પ્રોપ્રાઈટરી પેઢી **"પ્રિયા ડેવલોપર્સ"** ના નામનો આપ્યો તે ચેકની રકમ આ લેખના અવેજ પેટે મજરે આપી તે. |

---

રૂા....................

અંકેરૂપીયા ................પુરા ઉપરોકત વિગતે અમો બીજીતરફવાળાને ભર્યાપુરા પહોંચેલ છે.જે મળ્યા બદલ કબુલ કરી આ પાવતી લખી આપી અવેજનો સ્વીકાર કરીએ છીએ અને તમો એકતરફવાળાને તે અંગેની જવાબદારીમાંથી મુકત કરીએ છીએ.

//૧૫//

એ રીતે ઉપરોકત જણાવેલા રૂપીયાના અવેજના બદલામાં તમો વેચાણ લેનારને આ વેચાણ દસ્તાવેજથી લખી આપીએ છીએ કે મજકુર બાંધકામવાળી મિલ્કતના અસલ હદ હકકો અને ચાલ નિકાલના હકક હીત સંબધ સહીતની તથા બુકીંગ વખતે જણાવેલ શરતોને આધીન મજકુર મિલ્કત આ વેચાણ દસ્તાવેજથી તમો વેચાણ લેનારને કુલ અભરામ નદાવા અધાટ વેચાણ આપેલ છે.હવેથી મજકુર મિલ્કતના તમો વેચાણ લેનારા કુલ સ્વતંત્ર માલીક મુખત્યાર અને કબજેદાર થયા છો.હવે તમો વેચાણ લેનાર મજકુર મિલ્કતનો કબજો મળયા બાદ ચાંદો સુરજ તપે ત્યાં સુધી સુખેથી ભોગવો,વસો,વસાવો વેચો,સાટો ગીરો આપો યા ભાડે આપો યા કાયદા અનુસાર મંજુર થયેલ પ્લાન પ્રમાણે તથા બીનખેતીની પરવાનગીની શરતોને આધીન તમો લખાવી લેનાર જાતે અગર તમારા વારસદારો ફકત વાણિજય હેતુ માટેનો જ ઉપયોગ,ઉપભોગ કરો કરાવો યા તમારૂ દીલ ચાહે તેમ ઉપયોગ કરવા તમો લખાવી લેનારા એકલા કુલ સ્વતંત્ર માલીક મુખત્યાર અને હકકદાર છો.

(૧) અમો વેચાણ આપનાર તમો વેચાણ લેનારને આથી ખાતરી અને બાંહેધરી આપીએ છીએ કે અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનારને વેચાણ આપેલ મિલ્કત સંબધમાં કોઈપણ રીતે અગર કોઈપણ પ્રકારના હાનીકર્તા કૃત્યો કર્યા નથી.તેમજ સદર મિલ્કત અમો વેચાણ

આપનારે તમો લખાવી લેનાર સિવાય બીજા કોઈને કોઈપણ પ્રકારે વેચાણ,ગીરો,બક્ષીસ યા બોજાથી લખી આપેલ નથી.મજકુર મિલ્કત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ,હકક હીસ્સો કે ખોરાકી રહેઠાણ કે બીજા કોઈપણ પ્રકારનો હકક દાવો અલાખો નથી અન મજકુર જમીન ચોખ્ખી અને "ના" કરજી છે.

(૨) સદર વેચાણ આપેલ દૂકાન/ઓફીસ વાળી મિલ્કત સિવાય મજકુર સમગ્ર સ્કીમની અન્ય કોઈપણ મિલ્કત ઉપર તમો લખાવી લેનારનો કોઈપણ પ્રકારનો હકક દાવો,રાઈટ,ટાઈટલ ઈન્ટરેસ્ટ કે કલેઈમ રહેશે નહી તેમજ



મજકુર યોજનાના અન્ય દૂકાનો/ઓફીસો સદર વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલી શરતો તથા કીંમતોથી જુદા જુદા પ્રકારની અલગ અલગ શરતો તથા કીંમતો પ્રમાણે અમો લખી આપનારાને યોગ્ય લાગે તે રીતે બુકીંગ કરાવી અગર અન્ય રીતે વેચાણ આપવા હકકદાર છીએ અને રહીશુ.તે સામે તમો લખાવી લેનારને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી કે ભવિષ્યમાં તમો લખાવી લેનાર કે તમારા વારસદારોએ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવાની નથી કે કરવાની નથી.જેની આથી તમો લખાવી લેનાર મજકુર દસ્તાવેજમાં સહીમતા કરી કબુલ કરો છો.

(૩) સદર યોજનાની સમગ્ર જમીન તથા અન્ય તમામ સહીયારી સુવિધાઓની ભવિષ્યમાં કયારે પણ અલગ અલગ વહેંચણી કરી કરાવી શકાશે નહી પરંતુ તેની તમામ સહીયારી સુવિધાઓમાં યોજનાના તમો લખાવી લેનારા સહીતના તમામ દૂકાન/ઓફીસના માલીકોના સહીયારા વપરાશી હકકો રહેશે.

(૪) સદરહુ સ્કીમના સમગ્ર બીલ્ડીંગમાં,મિલ્કતના એલીવેશનમાં કે સ્ટ્રકચરમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ભવિષ્યમાં કયારેય પણ કરવા તમો લખાવી લેનારા હકકદાર નથી.તેમ છતાં તમો લખાવી લેનારાએ કરેલ તેવા કોઈ કૃત્યોને આધારે સદર યોજનાના અન્ય

મિલ્કતના માલીકોને કોઈપણ પ્રકારનું નુકશાન ,ખર્ચ,જાનહાની થાય અગર બીલ્ડીંગની સ્ટેબીલીટીને નુકશાન થાયતો તે અંગેની તમામ ખર્ચ સહીતની સઘળી અને સંપૂર્ણ જવાબદારી તમો લખાવી લેનારની રહેશે.

(૫) સદર વેચાણ આપેલ દૂકાન/ઓફીસ વાળી મિલ્કત સિવાયની સદર સ્કીમની અન્ય કોમન સહીયારી સુવિધાઓનો તમો લખાવી લેનારાએ તથા સદર સ્કીમના અન્ય દૂકાન/ઓફીસના માલીકોને અડચણ,અંતરાય,અવરોધ ના થાય તે રીતે ઉપયોગ કરવો,કરાવવાનો રહેશે.તેમજ તેવી કોમન અને સહીયારી સુવિધાઓ તથા તેમાંની ખુલ્લી



જગ્યામાં તમો લખાવી લેનારા કે સદર સ્કીમના અન્ય દૂકાન/ઓફીસના માલીકોએ કોઈપણ પ્રકારનું કાચુ કે પાકુ બાંધકામ અગર શેડ કરી અગર અન્ય ચીજવસ્તુઓ મુકી દબાણ કરવુ કરાવવાનુ નથી.જે આથી તમો લખાવી લેનારા કબુલ કરો છો.

(૬) સદરહુ યોજનામાં તમો લખાવી લેનારે વેચાણ રાખેલ દૂકાન/ઓફીસ સિવાયના અન્ય દૂકાન/ઓફીસ ધારકોને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરવાનું નથી તેમજ કાયદાથી વિરૂધ્ધના જલદ પદાર્થો કે ગંધ મારે તેવા પદાર્થો અગર તંદુરસ્તીને નુકશાન કરે તેવા પદાર્થો સદર દૂકાન/ઓફીસમાં રાખવાના નથી કે અસમાજીક પ્રવૃત્તિ કરવાની નથી કે કરાવવાની નથી કે કાયદા વિરૂધ્ધનું કોઈ કૃત્ય કરવાનું નથી.અને આવુ કોઈ કૃત્ય થયાનું જણાઈ આવેથી તેથી ઉત્પન્ન થતા કાયદાકીય તમામ ખર્ચ નુકશાન સહીતની સંપૂર્ણ જવાબદારી તમો લખાવી લેનારની રહેશે.

(૭) સદર વેચાણ આપેલ દૂકાન/ઓફીસનો તમો એકતરફવાળા વેચાણ લેનારે ફકત વાણીજયના હેતુ સારૂં ઉપયોગ કરવાનો છે.

(૮) સદરહુ **"મણીભદ્ર હાઈટસ"** એ નામની યોજનાની તમામ કોમન જમીન તથા સગવડોના નિભાવ માટે તથા મેઈન્ટનન્સ અંગે સર્વિસ સોસાયટીની રચના કરવામાં આવે તેમાં તમો વેચાણ લેનારે ફરજીયાત સદરહુ સોસાયટીના સભાસદ તરીકે દાખલ થવાનું

રહેશે.જે આ વેચાણ દસ્તાવેજની મહત્વની શરત છે.જેથી સદર સર્વિસ સોસાયટીમાં ભવિષ્યમાં જે નિયમો પેટા નિયમો બનાવવામાં આવે કે ઠરાવો કરવામાં આવે કે કોઈ લખાણ કરવામાં આવેતો તેનું તમો લખાવી લેનારે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.તેમજ સદરહુ યોજનાની સર્વિસ સોસાયટી મેઈન્ટેનન્સ વિગેરે અંગે જે કાંઈ કાર્યો કરે તેવા કાર્યોમાં વાંધા,અડચણ કે અંતરાય ઉભા કરવા કરાવવાના નથી.તેમજ સદરહુ યોજનાના સામાન્ય વહીવટમાં તમામ માલીકોનું વિશાળ હીત સમાયેલુ હોઈ તેવા તમામ કાર્યોમાં તમો લખાવી લેનારે હમેશા સાથ સહકાર આપવાનો છે અને રહેશે.



(૯) સદર વેચાણ આપેલ દૂકાન/ઓફીસ અંગેના આજ તારીખ પછીના લાગુ પડતા તમામ પ્રકારના ટેક્ષ,વેરાઓ,ઈલેકટ્રીક બીલ,વરાડે પડતી વિશેષ ધારાની રકમ વિગેરે તમામ તમો લખાવી લેનારાએ ભરવાનો રહેશે.

(૧૦) મજકુર **"મણીભદ્ર હાઈટસ"** એ નામની યોજનામાં દૈવકૃત્યો જેવા કે અતિશય વરસાદ,ધરતીકંપ,વિજળી પડવી વિગેરે કે અન્ય કારણોસર બીલ્ડીંગને તથા તમો લખાવી લેનારાના યુનિટને નુકશાન થાય અને અગર કોઈનું મૃત્યુ થાય કે શારીરીક માનસીક ઈજા થાય કે ખોડ આવે તોતે માટે ભવિષ્યમાં અમો લખી આપનારને તમો લખાવી લેનારાએ દિવાની,ફોજદારી કે અન્ય રીતે કોઈપણ પ્રકારે જવાબદાર ગણવાના નથી કે તે બાબતે કોઈ નુકશાન કે વળતર તમો લખાવી લેનાર કે તમારા વારસદારોએ માંગવાનું નથી તેવુ તમો લખાવી લેનારા આથી મજકુર વેચાણ દસ્તાવેજમાં સહી મતા કરી કબુલ કરી અમો લખી આપનારને ખાતરી અને બાંહેધરી આપી છે.

(૧૨) વધુમાં તમો લખાવી લેનાર એલોટી તથા અન્ય તમામ એલોટીઝ સાથે મળીને અમો લખી આપનાર, પ્રમોટર સાથે નીચે મુજબની કબુલાત કરી ખાત્રી અને બાંહેધરી આપો છો કે :–

(એ)....તમો એલોટીને દૂકાન/ઓફીસનો કબજો આજરોજ સોંપેલ હોઈ આજથી સદર દૂકાન/ઓફીસની જાળવણી તમારા પોતાના ખર્ચે કરવાની રહેશે અનેદૂકાન/ઓફીસ જેમાં આવ્યુ છે તે સમગ્ર બીલ્ડીંગમાં કે બીલ્ડીંગને એવુ કશુ જ કરશે કે કરાવશે નહી જે નિયમો અથવા પેટા–નિયમોની વિરૂધ્ધ હોય અથવા દૂકાન/ઓફીસ કે એના કોઈપણ ભાગમાં કે ભાગને સ્થાનિક સત્તા મંડળોની સંમતિ વિના કોઈ ફેરફાર કે સુધારા–વધારા કરશો કરાવશો નહીં.



(બી) વધુમાં તમો એલોટી દૂકાન/ઓફીસમાં એવો કોઈ સામાન રાખશે નહીં જે જોખમી, જવલનશીલ અથવા ખતરનાક પ્રકારનો હોય અથવા એટલો ભારે હોય કે જેનાથી દૂકાન/ઓફીસ જેમાં આવેલુ છે તે બીલ્ડીંગના બાંધકામ અથવા માળખાને કોઈ નુકશાન પહોંચે અથવા એવો કોઈ સામાન રાખશે નહીં જે રાખવા માટે સંબંધિત સ્થાનિક અથવા અન્ય સત્તામંડળને વાંધો હોય અને જેને લવવા લઈ જવામાં દાદર, મઝિયારા પેસેજીસ/લીફટ અથવા દૂકાન/ઓફીસ જેમાં આવેલ છે. તેના માળખા કે બીલ્ડીંગના દરવાજા સહિતને નુકસાન થવાની સંભાવના હોય અનેદૂકાન/ઓફીસ જેમાં આવેલ છે એ બીલ્ડીંગ અથવા દૂકાન/ઓફીસને એલોટીના આવા કોઈ કસુર અથવા નિષ્કાળજીને કારણે નુકશાન થશે તો એલોટી આવા ભંગના પરિણામ ભોગવવાને પાત્ર બનશે.

(સી) તમો એલોટી ઉકત દૂકાન/ઓફીસની તમામ આંતરિક મરામત પોતાના ખર્ચે કરાવશે અને દૂકાન/ઓફીસને પ્રમોટરે જે સ્થિતિમાં આપ્યુ હતુ તે જ સ્થિતિમાં જાળવશે અને દૂકાન/ઓફીસ જે બીલ્ડીંગમાં આવેલુ છે તે દૂકાન/ઓફીસમાં એવુ કશું જ કરશે કે કરાવશે નહીં જે સંબધિત સ્થાનિક સત્તા મંડળ અથવા અન્ય

સ્થાનિક સત્તા મંડળના નિયમો, પેટા નિયમો અને વિનિમયોની વિરૂધ્ધ હોય એલોટી ઉપર જણાવેલી જોગવાઈનું ભંગ થાય એવુ કોઈપણ કૃત્ય કરશે તો તે તેનાં પરિણામો ભોગવવા માટે જવાબદાર બનશે.

(ડી) તમો એલોટી દૂકાન/ઓફીસ અથવા તેના કોઈ ભાગને તોડશે કે તોડાવશે નહીં. તેમજ કોઈપણ સમયે દૂકાન/ઓફીસ અથવા તેના કોઈપણ ભાગમાં કોઈપણ પ્રકારના સુધારા કે વધારા કરાવશે નહીં કે સદર દૂકાન/ઓફીસ જેમાં આવેલ છે તે



પરિયોજનાના કે બીલ્ડીંગના એલિવેશન અને બહારની કલર સ્કીમમાં કોઈ ફેરફાર કરશે કે કરાવશે નહીં અને તે દૂકાન/ઓફીસ અને તેની સાથે જોડાયેલા ભાગો, ગટર, ડ્રેઈન્સ અને પાઈપોને સારી સ્થિતિમાં રાખશે જેથી દૂકાન/ઓફીસ જેમાં આવેલ છે તેને આશ્રય અને રક્ષણ મળી રહે અને તે અમો પ્રમોટર કે સદર સર્વીસ સોસાયટીના હોદેદારની લેખિત પૂર્વમંજુરી વિના દૂકાન/ઓફીસમાં આવેલા કોલમો, બીમ્સ, દીવાલો સ્લેબ્સ અથવા આર.સી.સી. પારડી અથવા અન્ય માળખા પર કશું જ કોતરશે નહી કે તોડફોડ કરે નહી તેમને અન્ય કોઈપણ પ્રકારે નુકસાન પહોંચાડશે નહીં.

(ઈ) વધુમાં તમો એલોટી એવુ કશું જ કરશે કે કરાવશે નહી જે દૂકાન/ઓફીસ જેમાં આવેલ છે તે બીલ્ડીંગ પ્રોજેકટની જમીન અથવા બીલ્ડીંગના કોઈ ભાગને લગતા કોઈપણ વિમાને રદ અથવા રદ થવાને પાત્ર ઠરાવે અથવા જેનાથી તે વિમાના સંદર્ભમાં વધારે પ્રિમીયમ ચૂકવવાપાત્ર બને.

(એફ) તમો એલોટી ઉકત દૂકાન/ઓફીસમાંથી કમ્પાઉન્ડમાં અથવા પરિયોજનાની જમીનના કોઈપણ ભાગ પર અને દૂકાન/ઓફીસ જેમાં આવેલું છે તે બીલ્ડીંગમાં કોઈ કચરો, ગંદકી, ચીંથરા અથવા એવી નકામી વસ્તુ ફેંકવા દેશે નહીં.

(જી) તમો એલોટી અમો પ્રમોટર દ્વારા માંગણી કરવામાં આવ્યેથી પંદર દિવસની અંદર, દૂકાન/ઓફીસ જેમાં આવેલ હોય તે બીલ્ડીંગને આપવામાં આવેલા વીજળી–પાણીના તેમજ અન્ય સેવાઓનાં જોડાણો માટે સંબંધિત સ્થાનિક સત્તા મંડળ અથવા સરકાર દ્વારા માંગવામાં આવેલ સિકયોરીટી ડિપોઝિટ (જામનગીરી થાપણ) નો પોતાનો હિસ્સો ચૂકવશે.



(એચ) તમો એલોટીને જે દૂકાન/ઓફીસ જે હેતુ માટે ફાળવવામાં આવ્યું છે તે હેતુઓમાં તમો એલોટી દ્વારા ફેરફાર થવાને કારણે, સંબંધિત સ્થાનિક સત્તા મંડળ અને/અથવા સરકાર અને/અથવા અન્ય જાહેર સત્તામંડળ દ્વારા લદવામાં આવેલા સ્થાનિક કરવેરા, પાણીખર્ચ, વીમા અને એવા અન્ય લેણામાં થયેલો વધારો ભોગવશે અને તેની ચુકવણી કરશે.

(આઈ) તમો એલોટી અમો પ્રમોટર કે અમારા સર્વેયરો, એજન્ટોને,કારીગરો તથા અન્યો સાથે અથવા તેમના વિના કોઈપણ યોગ્ય સમયે ઉકત બીલ્ડીંગ અથવા તેના કોઈપણ ભાગમાં તે બીલ્ડીંગની સ્થિતિને જોવા તપાસવા માટે પ્રવેશવા દેવામાં આવશે.

(૧૩) સદર વેચાણ દસ્તાવેજવાળી દૂકાન/ઓફીસ તમો લખાવી લેનારાને માલીકીહકકે વેચાણ આપેલી છે. જેથી સદરહુ મિલ્કતનો કબજો મળ્યા બાદ તમો લખાવી લેનારા તમારૂ દીલ ચાહે તેમ ઉપયોગ ઉપભોગ કરવા કરાવવા હકકદાર રહેશો.તેમ છતાં પણ ભવિષ્યમાં

સદરહુ મિલ્કત તમો લખી લેનારાને વેચાણ કે ટ્રાન્સફર કે એસાઈન કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે તે સમયે સદરહુ સર્વિસ સોસાયટીનું તમામ બાકી લેણું ચુકવી વખતો વખતના ધારા ધોરણો, નીતી નિયમો, ઠરાવો, નિર્ણયો, કાયદાઓ, પેટા કાયદાઓ વિગેરે તમામનું પાલન કરવાની શરતે સદરહુ મિલ્કત વેચાણ કરવા તમો લખાવી લેનારા હકકદાર રહેશો.

(૧૪) સદરહુ સમગ્ર **"મણીભદ્ર હાઈટસ"** એ નામની યોજનાના બાંધકામ અંગે કોઈપણ પ્રકારની કુદરતી આફત જેવી કે પુર, ધરતીકંપ, વાવાઝોડુ કે અન્ય કોઈ માનવસર્જીત આફતો, યુધ્ધ, હુલ્લડ, આતંરવિગ્રહને કારણે જાનમાલની હાની સર્જાય, બિલ્ડીંગને



નુકશાન થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તમો લખાવી લેનારાની તથા અન્ય દૂકાન/ઓફીસો વાળી મિલ્કતના માલીકોની સંયુકત છે અને રહેશે અને તે બાબતે અમો લખી આપનારની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

(૧૫) સદરહુ યોજનાનું નામ હંમેશા માટે **"મણીભદ્ર હાઈટસ"** રહેશે અને તે યોજનાના માલીકો ભવિષ્યમાં કોઈપણ સંજોગોમાં બદલી શકશે નહી.

(૧૬) સદર યોજનામાં આવેલ દુકાનો તથા ઓફીસો પૈકી દુકાનોની આગળ આવેલ માર્જીનની ખુલ્લી જગ્યામાં ફકત દુકાનોના માલીકો તથા તેમના ગ્રાહકોને વાહનોપાર્ક કરવાનો હકક અને અધિકાર હોઈ તેવી દુકાનોની આગળ આવેલ માર્જીનની ખુલ્લી જગ્યામાં તમો લખાવી લેનારા કે સદર સ્કીમના અન્ય દૂકાન/ઓફીસના માલીકોએ વાહનો પાર્ક કરવાનો કોઈ જ હકક, અધિકાર છે નહી અને રહેશે નહી.

(૧૭) પરંતુ સદરહુ સ્કીમમાં આવેલ કોમન પાર્કિંગની જગ્યામાં વાહનો પાર્ક કરવા માટેનો હર હંમેશ તમો લખાવી લેનારા તથા સદર સ્કીમના અન્ય દૂકાન/ઓફીસની મિલ્કતના

માલીકોએ સહિયારા ઉપયોગ કરવાનો રહેશે તેમજ તેવી પાર્કીંગની જગ્યામાં તમો લખાવી લેનારાએ અન્ય દૂકાન/ઓફીસના માલીકોને કોઈપણ પ્રકારની અડચણ કે અટકાયત ન થાય તે રીતે વહેલા તે પહેલાના ધોરણે વાહનો પાર્ક કરવાના રહેશે. વધુમાં હળવા, ઘરેલુ મોટર વ્હીકલ્સને અનુલક્ષીને તેમજ પાટણની સક્ષમ ઓથોરીટીના હાલ પ્રવર્તમાન નિયમો અનુસાર મંજુર કરવામાં આવેલા પ્લાન અનુસાર પાર્કીંગની જોગવાઈ કરેલ છે તે અંગે તમો લખાવી લેનારા તથા યોજનાના અન્ય તમામ મિલ્કતના માલીકોએ ભવિષ્યમાં કયારેય પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવા લેવડાવવા હકકદાર નથી.



(૧૮) તમો લખાવી લેનારાએ પોતે જાતે તથા તમારા પોતાના જાણકાર અનુભવી તથા નિષ્ણાંત વ્યકિત કે સંસ્થા મારફતે સદરહુ પરિયોજના ટાઈટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ તેમજ બોજા રહીત છે તે મતલબની જોઈ તપાસી તમામ બાબતે ખાત્રી કરી લીધેલ છે અને તેનાથી તમો લખાવી લેનારા સંપૂર્ણ રીતે સંતુષ્ટ હોઈ તમો લખાવી લેનારાએ સદર મિલ્કત વેચાણ રાખેલી છે. જેથી સદર મિલ્કતના રાઈટસ ટાઈટલ્સ અંગે ભવિષ્યમાં તમો લખાવી લેનારા કયારેય પણ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવા હકકદાર નથી.

(૧૯) મજકુર સમગ્ર સ્કીમ અંગે બીલ્ડીંગ યુઝ પરવાનગી યાને બી.યુ.પરવાનગી અમો .................. પાસેથી મેળવેલ છે અને તે આધારે તમો લખાવી લેનારાએ સદર મિલ્કતમાં વાણીજયના હેતુ માટેનો ઉપયોગ કરવાનો રહેશે. જે આથી તમો લખાવી લેનારા કબુલ કરો છો.

(૨૦) સદર **''મણીભદ્ર હાઈટસ''** એ નામની યોજનાનો વહીવટ ચલાવવા અંગે ભવિષ્યમાં જે કાંઈ વહીવટી અનામતની રકમ નકકી કરવામાં આવે કે અન્ય ખર્ચની રકમો નકકી

કરવામાં આવે તેવી તમામ રકમો તમો લખાવી લેનારાએ અમો લખી આપનારને અલગથી ચુકવવાની રહેશે અને તેવી રકમ આ વેચાણ દસ્તાવેજમાં નકકી કરવામાં આવેલ યુનિટની કુલ રકમ સિવાય અલગથી ગણવાની છે અને રહેશે.

(૨૧) સદરહુ **"મણીભદ્ર હાઈટસ"** નામની સ્કીમમાં દૂકાન/ઓફીસ ખરીદનારા અંગે ભવિષ્યમાં સર્વિસ સોસાયટી કે એસોશીએશન કે કંપની કે બોડી રચવામાં આવે ત્યારે તેના સભ્ય થવાનું તમો વેચાણ લેનારને માટે ફરજીયાત રહેશે.તેમજ સર્વિસ સોસાયટી/એસોશીએશન તરફથી કોમન ખર્ચ અંગે જે માસીક કે વાર્ષિક કે અન્ય મુદત કે અન્ય સ્વરૂપનું કોન્ટ્રીબ્યુશન લેવાનું નકકી થાય તે કોન્ટ્રીબ્યુશનની રકમ તેમજ સદરહુ



મિલ્કતનું વાર્ષિક મેઈન્ટેનન્સ વિગેરે માટે જે નકકી કરવામાં આવે તે ખર્ચ વેચાણ લેનારે વરાડે પડતો ભોગવવાનો રહેશે.સદર યોજનાની કોમન એમીનીટીઝ તથા કોમન એરીયા ભવિષ્યમાં સર્વિસ સોસાયટી કે એસોશીએશનના નામે ટ્રાન્સફર કરવાની જરૂરીયાત જણાયતો વેચાણ આપનારે તેવી કોમન એમેનીટીઝ તથા કોમન એરીયા સર્વિસ સોસાયટી/એસોશીએશનના નામે ટ્રાન્સફર કરી આપવા સારૂં જરૂરી સહીઓ વિગેરે કરી આપવાની રહેશે.સદર યોજનાના પ્રમોટર ધ્વારા સર્વિસ સોસાયટી બનાવીને તેનો વહીવટ સુપ્રત કરવામાં આવે તે સમયથી કોમન એમીનીટીઝ તથા કોમન બાંધકામનો યોગ્ય રીતે વહીવટ તથા મેઈન્ટેનન્સ કરવાની જવાબદારી સર્વિસ સોસાયટી તથા તમામ સભાસદોની છે. જેથી વહિવટ સુપ્રત કરવામાં આવે તે બાદથી કોમન એમેનીટીઝનાં મેઈનટેનેન્સ તથા વહિવટ અંગેની કોઈ જવાબદારી અમો વેચાણ આપનારની રહેશે નહી.

(૨૨) આ એગ્રીમેન્ટની કોઈપણ જોગવાઈ ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો આવી જોગવાઈઓ તે આ એગ્રીમેન્ટના તે હેતુ સાથે અસંગત હોય એટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ એગ્રીમેન્ટની બાકીની જોગવાઈઓ આ એગ્રીમેન્ટના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.



(૨૩) સદર વેચાણ દસ્તાવેજની શરતોમાં કોઈપણ પ્રકારનો વિવાદ થાય અગર તેવી શરતોનું અર્થઘટન કરવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલીઓ થાય અગર તકરાર ઉપસ્થિત થાય તો તેનો નિકાલ બંને પક્ષકારોએ એક બીજા સાથે મળી પરસ્પર સમજુતીથી નિરાકરણ લાવવાનું રહેશે. પરંતુ કોઈપણ સંજોગોમાં તેવા વિવાદનું નિરાકરણ સુમેળ અને સમજુતીથી ન લાવી શકાય તો રીયલ એસ્ટેટ સંબંધી (નિયમન અને વિકાસ) અધિનિમય – ૨૦૧૬ અને તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને વિનિયમોની જોગવાઈઓ હેઠળ તેને સક્ષમ સત્તા મંડળને મોકલવાની રહેશે અને તેના દ્વારા તેનો ઉકેલ લાવવાનો રહેશે.

(૨૪) સદર **"મણીભદ્ર હાઈટસ"** બીલ્ડીંગ નીચે જે જમીન આવેલ છે તેમાં તમો વેચાણ લેનારનો દૂકાનના ક્ષેત્રફળના પ્રમાણમાં વરાડે પડતો વણવહેંચાયેલો માલીકી હકક રહેશે.

(૨૫) સદરહુ **''મણીભદ્ર હાઈટસ''** નામના પ્રોજેકટ સંબંધમાં બી.યુ.પરમીશન મેળવ્યા બાદ વધારાની એફ.એસ.આઈ., કોમન એરીયા તથા ધાબાનો હકક હિસ્સો પ્રમોટરનો રહેશે નહિ. એફ.એસ.આઈ., કોમન એરીયા તથા ધાબાનો હકકનો તમામ હકક સોસાયટી કે એસોસિયેશનનો રહેશે અને તેમાં પ્રમોટરનો કોઈ હકકદાવો રહેશે નહિ.

આ લેખથી વેચાણ આપેલ .............. ફલોર ઉપર આવેલી આકાશી હકક સિવાયની દૂકાનનું વિગતવાર વર્ણન તથા ખુંટ નીચે પરીશિષ્ટમાં જણાવ્યા મુજબ છે.

//૨૬//

## ''વેચાણ આપેલ દૂકાનનું પરીશિષ્ટ''

| | |
|---|---|
| ગામનું નામ તથા તાલુકો તથા જિલ્લોઃ– | મોજે ગુંગડીપાટી–પાટણ,તાલુકો પાટણ,જિલ્લો પાટણ. |
| લોકેશન :– | બગવાડા દરવાજાથી ભારતી સોસાયટી તરફ જવાના જાહેર રસ્તાની દક્ષિણે આવેલ જમીન |
| રેવેન્યુ સર્વે નંબર :– | ૧૦૩૧ પૈકી |
| શીટ નંબર તથા સીટીસર્વે નંબર :– | શીટ નંબર : ૧૧૩ ના સી.સ.નં.૨૨૪૧ પૈકી |
| **''મણીભદ્ર હાઈટસ''** માં આકાશી હકક સિવાયની .............ફલોર ઉપર આવેલ દૂકાનનો નંબરઃ– | |
| **''મણીભદ્ર હાઈટસ''** માં આકાશી હકક સિવાયનો ..........ફલોર ઉપર આવેલ દૂકાનનું ક્ષેત્રફળઃ– | |
| કોમન એરીયાનો અન્ય મિલ્કત ધારણકર્તાઓ સાથે સંયુકતપણામાં સાહજીક ઉપયોગ કરવાનું વણવહેંચાયેલ ક્ષેત્રફળ :– | ચો.મી. |

દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ    અવેજ (જો હોયતો) :– રૂા.
ગામનું નામ : મોજે ગુંગડીપાટી, તા. જી.પાટણ.    રે. સર્વે નંબર : ૧૦૩૧ પૈકી
સીટીસર્વે શીટ નંબર : ૧૧૩ ના સીટીસર્વે નંબર– ૨૨૪૧ પૈકી
દૂકાન/ઓફીસ નંબર :    ક્ષેત્રફળ : ચો.મી.

| મિલ્કતનો પ્રકાર | વાણિજય |
|---|---|

જેના ખુંટની વિગત નીચે મુજબ છે :–

ઉત્તરે :–

દક્ષિણે :–

પૂર્વે :–

પશ્ચિમે :–

એ રીતે ચાર ખુંટ વચ્ચેની **"મણીભદ્ર હાઈટસ"** માં ..........ફલોર ઉપર આવેલ દૂકાન નં............. ની બાંધકામવાળી સ્થાવર મિલ્કત તથા તેના આધારે કોમન એરીયાનો અન્ય મિલ્કત ધારણકર્તાઓ સાથે વણવહેંચાયેલ ચો.મી........ પુરતો સંયુકતપણામાં સાહજીક ઉપયોગ કરવાના હકક સહીતની મિલ્કત.

**//૨૭//**

સદર તમોને આ લેખથી વેચાણ આપેલ મિલ્કતમાં આવવા જવા માટે તથા અન્ય સાધન સગવડો લાવવા લઈ જવા માટે સદરહુ રીવાઈઝ એન.એ.થયેલ જમીનની પશ્ચિમ, ઉત્તર તથા દક્ષિણદિશાએ લાગુ છે તે જાહેર રસ્તાનો ઉપયોગ થાય છે.સદરહુ વેચાણ આપેલ મિલ્કતમાં પણી જોડાણ, વીજ જોડાણ, ડ્રેનેજલાઈન, ગટર વિગેરે સગવડ માટે તથા વરસાદના પાણીના નિકાલ માટે તથા અન્ય તમામ સગવડો માટે પણ તે મુજબના રસ્તાનો અને તે રસ્તાના ઢાળનો કાયમી હકક છે તે હકક આ લેખથી તમો એકતરફવાળાની તરફેણમાં અમો બીજીતરફવાળા તબદીલ કરીએ છીએ. સદરહુ વેચાણ આપેલ મિલ્કતમાંથી પાણીનો નિકાલ મ્યુનિસિપાલિટીની ડ્રેનેજ વ્યવસ્થા મુજબ કરવાનો તમો એકતરફવાળાને સંપૂર્ણ હકક છે.

એ રીતેનો આ વેચાણલેખ અમો બીજીતરફવાળાએ અમારી રાજીખુશીથી,અકકલ હોંશિયારીથી બીનકેફ,તંદુરસ્ત હાલતે બીનકેફે સમજી વિચારી કોઈપણ જાતના દબાણ અગર લાલચ વગર હીત અહીતનો બરાબર ખ્યાલ કરી તમો ખરીદનારને શહેર પાટણ બેઠે કરી કરાવી

આપેલ છે જે અમોએ શરૂથી આખર સુધી વાંચી વંચાવી બરાબર સમજયો છે તે અમોને કબુલ મંજુર છે અને અમારા વંશ,વાલી,વારસોને પણ હરેક રીતે બંધનકર્તા છે અને રહેશે.જે બદલ આ નીચે અમોએ અમારી સહી કરી આપી છે.તથા ત્રાહીતોની શાખો કરાવી આપી છે.

આ દસ્તાવેજ અમોએ તમોને આજરોજ તારીખ માહે .............. સને ૨૦૨૨ ના દિને લખી આપેલ છે.

અત્રે...............................................મતુ અત્રે......................................શાખ

(વેચાણ આપનાર) ૧.

×

————————————————————

(પટેલ દિલીપભાઈ અમથાભાઈ) ૨.

//૨૮//

**—: મિલ્કતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :—**

દસ્તાવેજનો પ્રકાર :— વેચાણ દસ્તાવેજ અવેજ (જો હોયતો) :— રૂા.
ગામનું નામ : મોજે ગુંગડીપાટી, તા. જી.પાટણ. રે. સર્વે નંબર : ૧૦૩૧ પૈકી
સીટીસર્વે શીટ નંબર : ૧૧૩ ના સીટીસર્વે નંબર— ૨૨૪૧ પૈકી
દૂકાન/ઓફીસ નંબર : ક્ષેત્રફળ : ચો.મી.

મિલ્કતનું પોસ્ટલ સરનામુ :–

<u>મિલ્કત રાખનારની સહી</u>

<u>મિલ્કત તબદીલ કરનારની સહી</u>



## –: મિલ્કતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :–

દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ અવેજ (જો હોયતો) :– રૂા.
ગામનું નામ : મોજે ગુંગડીપાટી, તા. જી.પાટણ. રે. સર્વે નંબર : ૧૦૩૧ પૈકી
સીટીસર્વે શીટ નંબર : ૧૧૩ ના સીટીસર્વે નંબર– ૨૨૪૧ પૈકી
દૂકાન/ઓફીસ નંબર : ક્ષેત્રફળ : ચો.મી.

મિલ્કતનું પોસ્ટલ સરનામુ :–

<u>મિલ્કત રાખનારની સહી</u> <u>મિલ્કત તબદીલ કરનારની સહી</u>

//૩૦//

દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ અવેજ (જો હોયતો) :– રૂા.
ગામનું નામ : મોજે ગુંગડીપાટી, તા. જી.પાટણ. રે. સર્વે નંબર : ૧૦૩૧ પૈકી
સીટીસર્વે શીટ નંબર : ૧૧૩ ના સીટીસર્વે નંબર– ૨૨૪૧ પૈકી
દૂકાન/ઓફીસ નંબર : ક્ષેત્રફળ : ચો.મી.

## "રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ ૩ર–અ નું પરીશિષ્ટ"

**(વેચાણ આપનાર)**

×
________________________

(પટેલ દિલીપભાઈ અમથાભાઈ)

**(વેચાણ લેનાર)**

×
________________________

દસ્તાવેજનો પ્રકાર :– વેચાણ દસ્તાવેજ અવેજ (જો હોયતો) :– રૂા.
ગામનું નામ : મોજે ગુંગડીપાટી, તા. જી.પાટણ. રે. સર્વે નંબર : ૧૦૩૧ પૈકી
સીટીસર્વે શીટ નંબર : ૧૧૩ ના સીટીસર્વે નંબર– ૨૨૪૧ પૈકી
દૂકાન/ઓફીસ નંબર : ક્ષેત્રફળ : ચો.મી.